D. Ms. Neha Kulkarni, Flat No. 504, Gaur Green, Ghaziabad, Uttar Pradesh 201014 ✓

Q22 Reasoning

એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,
A + B નો અર્થ થાય છે કે 'A એ B નો પતિ છે'
A – B નો અર્થ થાય છે કે 'A એ B નો ભાઈ છે'
A x B નો અર્થ થાય છે કે 'A એ B નો પુત્ર છે'
A ÷ B નો અર્થ થાય છે કે 'A એ B ની માતા છે'
આપેલી માહિતીના આધારે, જો 'P x Q ÷ R – S + T' હોય, તો P એ T સાથે કેવી રીતે સંબંધિત છે?

A. પિતાનો ભાઈ
B. માતાનો ભાઈ
C. પત્નીનો ભાઈ
D. પતિનો ભાઈ ✓

Q23 Reasoning

નીચે આપેલા નામ અને સરનામાની તમામ વિગતો કયા વિકલ્પમાં સંપૂર્ણપણે સાચી રીતે દર્શાવવામાં આવી હોય તે વિકલ્પ પસંદ કરો.

Dr. Amit N. Patel
Clinic No. 7, Shanti Complex,
MG Road, Navrangpura,
Ahmedabad, Gujarat - 380009

A. Dr. Amit M. Patel, Clinic No. 7, Shanti Complex, MG Road, Navrangpura, Ahmedabad, Gujarat – 380009
B. Dr. Amit N. Patel, Clinic No. 7, Shanti Complex, MG Road, Navrangpura, Ahmedabad, Gujarat – 380090
C. Dr. Amit N. Patel, Clinic No. 7, Shanti Complex, MG Raod, Navrangpura, Ahmedabad, Gujarat – 380009
D. Dr. Amit N. Patel, Clinic No. 7, Shanti Complex, MG Road, Navrangpura, Ahmedabad, Gujarat – 380009 ✓

Q24 Reasoning

નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?)નાં સ્થાને શું આવવું જોઈએ?

110 95 80 65 50 ?

A. 40
B. 25
C. 30
D. 35 ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q25 Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન: જો વર્ષ "X"ની 1લી જાન્યુઆરીના રોજ સોમવાર હોય, તો તે જ વર્ષની 15મી જૂનના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

વિધાન (I): "X" ને 4 વડે સંપૂર્ણ ભાગી શકાય છે.
વિધાન (II): વર્ષ "X" માં વધારાના દિવસો (Odd days)ની કુલ સંખ્યા 2 છે.

A. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✓

B. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

C. વિધાનો (I) અને (II) બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

D. વિધાનો I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે (એકલા વિધાન I અથવા એકલા વિધાન II ની માહિતી નહિ) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Q26 Reasoning

શબ્દ QUAGMIRE માંના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તરત પછીના અક્ષર દ્વારા બદલવામાં આવે છે અને પછી આમ બનેલા તમામ અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. આમ બનેલા અક્ષરોના સમૂહમાં જમણા છેડેથી ત્રીજો અક્ષર કયો હશે?

A. N

B. H

C. R ✓

D. J

Q27 Reasoning

જો + નો અર્થ - હોય, - નો અર્થ × હોય, × નો અર્થ ÷ હોય, ÷ નો અર્થ + હોય, તો નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન '?' નાં સ્થાને શું આવશે?

20 × 4 + 6 - 2 ÷ 14 = ?

A. 5

B. 11

C. 13

D. 7 ✓

Q28 Reasoning

A, B, C, W, X અને Y એક જ ઈમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને આ જ ક્રમ અનુસરતા ઉપરના માળોને ક્રમાંક આપેલા છે, આ અનુક્રમમાં સૌથી ઉપરના માળનો ક્રમાંક 6 છે.
A અને W વચ્ચે ફક્ત બે લોકો રહે છે. X અને C વચ્ચે ફક્ત બે લોકો રહે છે. X ની ઉપર કોઈપણ રહેતું નથી. W એ C ની નીચે પરંતુ B ની ઉપર રહે છે. Y ની નીચે કેટલા લોકો રહે છે?

A. ત્રણ ✓

B. ચાર

C. એક

D. બે

Q29 Reasoning

સંખ્યા 8357216 નાં દરેક અંકને ડાબી બાજુથી જમણી બાજુ ચડતા ક્રમમાં ગોઠવવામાં આવે, તો મૂળ સંખ્યાની સરખામણીમાં કેટલા અંકોનું સ્થાન યથાવત (અપરિવર્તિત) રહેશે?

A. એકપણ નહીં ✓

B. ત્રણ

C. બે

D. એક

Q30 Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલા ચાર અક્ષર-સમૂહોમાંથી ત્રણ ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી? (નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

A. MQS

B. HLN

C. CGI

D. KOR ✓

Q31 Reasoning

E, A, S અને T આ અક્ષરોનો ઉપયોગ કરીને એ રીતે ચાર-અક્ષરના કેટલા અર્થપૂર્ણ અંગ્રેજી શબ્દો બનાવી શકાય છે, જેમાં બધાજ અક્ષરનો ઉપયોગ કરવો છે અને આ દરેક અક્ષર દરેક શબ્દમાં એક જ વાર આવવા જોઈએ?

A. ત્રણ

B. બે

C. ચાર

D. પાંચ ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q32 Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં તે તમારે નક્કી કરવાનું છે. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ પસંદ કરો.
પ્રશ્ન. "Book" શબ્દનો કોડ શું છે?
વિધાન I: "Book Pen" ને "xo re" તરીકે કોડ કરવામાં આવે છે.
વિધાન II: "Book" ને "xo" તરીકે કોડ કરવામાં આવે છે.

A. વિધાનો I અને II બંને એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા નથી.

B. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી. ✓

C. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.

D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Q33 Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી I અને II થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો

વર્ષ "T" માં 28 મી ફેબ્રુઆરીના રોજ અઠવાડિયાનો કયો વાર હતો?
વિધાન I: વર્ષ "T" માં 1 લી માર્ચના રોજ શનિવાર હતો.
વિધાન II: વર્ષ "T" એ 4 વડે નિશેષ ભાગી શકાય છે પરંતુ 100 વડે ભાગી શકાતું નથી.

A. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

B. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે. ✓

Q34 Reasoning

સાત બોક્સ, A, D, J, K, N, Q અને Sને એકબીજા ઉપર રાખવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આ જ ક્રમમાં હોય. A અને Jની વચ્ચે માત્ર બે જ બોક્સ રાખવામાં આવ્યા છે. Qની ઉપર માત્ર K રાખવામાં આવ્યું છે. Jની નીચે કોઈ બોક્સ રાખવામાં આવ્યું નથી. Nને Sની નીચેના કોઈ એક સ્થાને પરંતુ Dની ઉપરના કોઈક સ્થાને રાખવામાં આવ્યું છે. D અને S ની વચ્ચે કેટલા બોક્સ રાખવામાં આવ્યા છે?

A. એક

B. ત્રણ

C. બે ✓

D. ચાર

Q35 Reasoning

આ પ્રશ્ન આપેલી પાંચ સંખ્યાઓ ઉપર આધારિત છે.

(ડાબી બાજુ) 386 4972 6097 664 2523 (જમણી બાજુ)

નોંધ - બધી ક્રિયાઓ ડાબેથી જમણે કરવાની છે.

જો બધી સંખ્યાઓને ચઢતા ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલી સંખ્યાઓનું સ્થાન યથાવત (અપરિવર્તિત) રહેશે?

A. ત્રણ

B. એક ✓

C. બે

D. એકપણ નહીં

Q36 Reasoning

નીચેનામાંથી એવો વિકલ્પ પસંદ કરો જેમાં આપેલા નામ અને સરનામાની તમામ વિગતો સાચી રીતે દર્શાવવામાં આવી હોય.

Ms. Sunita L. Reddy
Block C, Flat 304, Hilltop Towers,
Banjara Hills, Road No. 12,
Hyderabad, Telangana - 500034

A. Ms. Sunita L. Redy, Block C, Flat 304, Hilltop Towers, Banjara Hills, Road No. 12, Hyderabad, Telangana – 500034

B. Ms. Sunita L. Reddy, Block C, Flat 403, Hilltop Towers, Banjara Hills, Road No. 12, Hyderabad, Telangana – 500034

C. Ms. Sunita L. Reddy, Block C, Flat 304, Hiltop Towers, Banjara Hills, Road No. 12, Hyderabad, Telangana – 500034

D. Ms. Sunita L. Reddy, Block C, Flat 304, Hilltop Towers, Banjara Hills, Road No. 12, Hyderabad, Telangana – 500034 ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q37 Reasoning

છ એન્જિનિયરો વસીમ, ચેતના, કિશોર, રશ્મિ, દેવાંગ અને નંદિની પૈકી દરેક અલગ-અલગ ઊંચાઈ ધરાવે છે. ચેતના એ વસીમ કરતાં ઊંચી છે. કિશોર એ ચેતના કરતાં ઊંચો છે. રશ્મિ એ વસીમ કરતાં નીચી છે. દેવાંગ એ રશ્મિ કરતાં નીચો છે. નંદિની એ કિશોર કરતાં ઊંચી છે. જો તેઓને સૌથી ઊંચાથી સૌથી નીચાના ક્રમમાં ગોઠવવામાં આવે, તો ટોચથી ચોથા સ્થાને કોણ હશે?

A. નંદિની

B. વસીમ ✓

C. કિશોર

D. ચેતના

Q38 Reasoning

K, L, S, T, અને W પૈકી દરેકે અલગ-અલગ ગુણ મેળવ્યા છે. K અને T વચ્ચે માત્ર એક જ વ્યક્તિએ જ ગુણ મેળવ્યા છે. L અને K વચ્ચે માત્ર ત્રણ લોકોએ જ ગુણ મેળવ્યા છે. S એ K કરતાં તરત જ વધુ ગુણ મેળવ્યા છે. તો કેટલા લોકોએ W કરતાં ઓછા ગુણ મેળવ્યા છે?

A. ત્રણ ✓

B. ચાર

C. એક

D. બે

Q39 Reasoning

વિકલ્પોમાંથી તે જોડીને પસંદ કરો જે એ જ પેટર્નને અનુસરે છે જે નીચે આપેલી બે જોડીઓ દ્વારા અનુસરવામાં આવે છે. બંને જોડીઓ સમાન પેટર્નને અનુસરે છે.

HON : JQP
LGV : NIX

A. QPL : STN

B. BXT : DZV ✓

C. FRS : AUT

D. MNB : OPC

Q40 Reasoning

L, I, S અને T આ અક્ષરોનો ઉપયોગ કરીને એ રીતે ચાર-અક્ષરના કેટલા અર્થપૂર્ણ અંગ્રેજી શબ્દો બનાવી શકાય છે, જેમાં બધાજ અક્ષરનો ઉપયોગ કરવો છે અને આ દરેક અક્ષર દરેક શબ્દમાં એક જ વાર આવવા જોઈએ?

A. ત્રણ ✓

B. બે

C. એક

D. ચાર

Q41 Reasoning

A, B, C, D, E, F, G આ સાત લોકો એક વર્તુળાકાર ઘેરામાં કેન્દ્ર તરફ મુખ કરીને બેસે છે. A એ G ની જમણી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. C એ A ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે. B એ G ની જમણી બાજુએ બીજા સ્થાને બેસે છે. D એ E અને F ની બરાબર વચ્ચે બેસે છે. A એ F ની તરત ડાબી બાજુએ બેસે છે. B ની ડાબી બાજુએ ગણતરી કરવામાં આવે, તો D અને B ની વચ્ચે કેટલા લોકો બેસે છે?

A. એક

B. બે

C. ત્રણ ✓

D. એકપણ નહીં

Q42 Reasoning

મિસ્ટર બેઈક એ બિંદુ A થી ડ્રાઈવ કરવાનું શરૂ કરે છે અને ઉત્તર તરફ 19 km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે, 35 km ડ્રાઈવ કરે છે, ત્યારબાદ ડાબી તરફ વળે છે અને 26 km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે અને 42 km ડ્રાઈવ કરે છે. તે અંતિમ ડાબો વળાંક લે છે, 7 km ડ્રાઈવ કરે છે અને બિંદુ P પર રોકાય છે. બિંદુ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં ડ્રાઈવ કરવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી)ના વળાંકો છે, સિવાય કે ઉલ્લેખ કરવામાં આવે.)

A. 9 km પૂર્વ તરફ

B. 7 km પૂર્વ તરફ

C. 7 km પશ્ચિમ તરફ ✓

D. 9 km પશ્ચિમ તરફ

Q43 Reasoning

ટાઉન S એ ટાઉન T ની પૂર્વ દિશામાં છે. ટાઉન U એ ટાઉન S ની ઉત્તર દિશામાં છે. ટાઉન R એ ટાઉન U ની દક્ષિણ દિશામાં છે. ટાઉન Q એ ટાઉન R ની પશ્ચિમ દિશામાં છે. ટાઉન T એ ટાઉન Q ની ઉત્તર-પૂર્વ દિશામાં છે. ટાઉન R ની સાપેક્ષમાં ટાઉન S નું સ્થાન કઈ દિશામાં છે?

A. પશ્ચિમ

B. દક્ષિણ

C. પૂર્વ

D. ઉત્તર ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q44 Reasoning

નીચે આપેલી અક્ષર, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.

(ડાબી બાજુ) W I C I J T Z D E $ Z Y £ H D Y M $ & N A & @ I Y £ (જમણી બાજુ)

એવા કેટલા પ્રતીકો છે, જે દરેકની તરત જ પહેલા એક અક્ષર આવે છે અને તરત જ પછી એક પ્રતીક પણ આવે છે?

A. એક
B. ત્રણ
C. બે ✓
D. ચાર

Q45 Reasoning

નીચે આપેલા અક્ષર- સંખ્યા સમૂહોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ પ્રશ્નચિહ્ન (?) નું સ્થાન લેશે જેથી શ્રેણી તાર્કિક રીતે પૂર્ણ થશે?
LRH 1, PWK 4, TBN 9, XGQ 16, ?

A. CLT 25
B. CLS 25
C. BLT 25 ✓
D. BMT 26

Q46 Reasoning

નીચે સંખ્યાઓના બે ગણ આપવામાં આવ્યા છે. સંખ્યાના દરેક ગણમાં, પ્રથમ સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયાના પરિણામે બીજી સંખ્યા મળે છે, એ જ પ્રમાણે, બીજી સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયાના પરિણામે ત્રીજી સંખ્યા મળે છે અને આમ આ ક્રિયા ચાલે છે. આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ નીચે આપેલા ગણો દ્વારા અનુસરવામાં આવતી ક્રિયાઓનું અનુસરણ કરે છે?

(નોંધ – બે/ ત્રણ અંકોની સંખ્યાને ક્રિયાઓ માટે વ્યક્તિગત અંકોમાં છૂટી પાડી શકાતી નથી. દા. ત. જો 37 પછી 10 આવે, તો ક્રિયા 3 + 7 ન હોઈ શકે કારણ કે બે અંકોની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં છૂટી પાડવાની નથી.)

15 – 30 – 40 – 80 ; 4 – 8 – 18 – 36

A. 9 – 18 – 36 – 72
B. 13 – 26 – 36 – 66
C. 11 – 22 – 32 – 64 ✓
D. 8 – 16 – 26 – 36

Q47 Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી I અને II ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો,

પ્રશ્ન: C એ D સાથે કેવી રીતે સંબંધિત છે?
વિધાન I: C એ A ના માતા કે પિતા છે.
વિધાન II: A એ D નો ભાઈ છે.

A. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
B. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે. ✓
D. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q48 Reasoning

આ પ્રશ્ન નીચેના શબ્દો પર આધારિત છે.

BOOK SHIP FAST WIND

દરેક શબ્દમાં, દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત પછી આવતા અક્ષરમાં બદલવામાં આવે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત પહેલા આવતા અક્ષરમાં બદલવામાં આવે, તો આ રીતે બનેલા કેટલા અક્ષર-સમૂહમાં, કોઈપણ સ્વર દેખાશે નહીં?

A. ત્રણ
B. બે
C. એક ✓
D. શૂન્ય

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q49 Reasoning

એક ચોક્કસ તર્કને અનુસરીને 56 એ 126 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને, 28 એ 98 સાથે સંબંધિત છે. તે સમાન તર્કને અનુસરીને, 40 એ આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સાથે સંબંધિત છે?

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજીત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ (Operations) કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ, જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં જુદી પાડીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

A. 100
B. 105
C. 115
D. 110 ✓

Q50 Reasoning

એક પરિવારમાં 9 વ્યક્તિઓ છે — આનંદ, બેલા, ચારુ, દિનકર, ગૌરી, હેમંત, જયા, નિખિલ અને પૂજા. જયા એ બેલાની બહેન છે. હેમંત એ જયાનો પતિ છે. દિનકર એ હેમંતનો પુત્ર છે. પૂજા એ જયાની પુત્રી છે. આનંદ એ બેલાનો પતિ છે. ચારુ એ આનંદની પુત્રી છે. નિખિલ એ બેલાનો પુત્ર છે. ગૌરી એ દિનકરની પત્ની છે. તો બેલાનો દિનકર સાથે શો સંબંધ છે?

A. માતા
B. પિતાની બહેન
C. બહેન
D. માતાની બહેન ✓

Q51 Reasoning

ઉત્તર દિશા તરફ મુખ રાખીને ઊભેલા 72 વિદ્યાર્થીઓની એક હરોળમાં, જતિનનું સ્થાન જમણા છેડેથી 29મું છે. નીચે આપેલી ખાલી જગ્યા પૂરો. જતિનનું સ્થાન ડાબા છેડેથી _____ છે.

A. 43મું
B. 42મું
C. 45મું
D. 44મું ✓

Q52 Reasoning

નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ડાબેથી જમણી તરફ કરવામાં આવશે.

(ડાબી બાજુ) L V M A D Q R G A Q J V X F Q R Z O G I X Y N O R Q U T Y U Y T Y (જમણી બાજુ)

એવા કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત જ પહેલાં એક સ્વર આવે છે અને તરત જ પછી પણ એક સ્વર આવે છે?

A. એક ✓
B. ત્રણ
C. બે
D. ચાર

Q53 Reasoning

નીચે આપેલી અક્ષર-પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.

(ડાબી બાજુ) U W J R $ # J * P C & B C G W # $ G B £ * E $ W N K U N (જમણી બાજુ)

એવા કેટલા અક્ષરો છે, જે દરેકની તરત પહેલાં એક પ્રતીક આવે છે અને તરત પછી પણ એક પ્રતીક આવે છે?

A. બે ✓
B. એકપણ નહીં
C. એક
D. ત્રણ

Q54 Reasoning

M, N, O, P, R, S અને T પૈકી દરેકની પરીક્ષા અઠવાડિયાના અલગ અલગ દિવસે હોય છે, જે સોમવારથી શરૂ થાય છે અને તે જ અઠવાડિયાના રવિવારે સમાપ્ત થાય છે. R પહેલાં કોઈની પણ પરીક્ષા નથી. R અને M વચ્ચે માત્ર ત્રણ વ્યક્તિઓની પરીક્ષા છે. M અને N વચ્ચે માત્ર એક જ વ્યક્તિની પરીક્ષા છે. Tની પરીક્ષા બુધવારે છે. Sની પરીક્ષા Pની પરીક્ષાના પછી કોઈ એક દિવસે છે પરંતુ Oની પરીક્ષા પહેલાં કોઈ એક દિવસે છે. તો Sની પરીક્ષા અઠવાડિયાના કયા દિવસે છે?

A. મંગળવાર
B. ગુરુવાર ✓
C. શુક્રવાર
D. સોમવાર

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q55 Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને(II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

5 દોડવીરો અમર, બીના, ચેતન, દિશા અને ઈશાન વચ્ચેની એક રેસમાં, કોણે સૌથી છેલ્લે રેસ પૂરી કરી?

(I) બીના એ ચેતન પછી રેસ પૂરી કરે છે. દિશા એ બીના પછી રેસ પૂરી કરે છે. દિશા એ સૌથી છેલ્લે રેસ પૂરી કરી છે.
(II) અમર એ ઈશાન પહેલાં રેસ પૂરી કરે છે. ચેતન એ અમર પહેલાં રેસ પૂરી કરે છે.

A. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✓

B. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q56 Reasoning

જો COLTISH શબ્દના દરેક અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન યથાવત (અપરિવર્તિત) રહેશે?

A. એક

B. એકપણ નહીં

C. બે ✓

D. ત્રણ

Q57 Reasoning

જો 5 ઓક્ટોબર 2023 ના રોજ ગુરુવાર હોય, તો 19 જૂન 2006 ના રોજ અઠવાડિયાનો કયો વાર હતો?

A. શુક્રવાર

B. રવિવાર

C. શનિવાર

D. સોમવાર ✓

Q58 Reasoning

નીચે આપેલી અક્ષર-પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબેથી જમણે કરવાની છે.

(ડાબી બાજુ) T N $ F R % W $ & U V Z R & A I V D N B N K A W $ H ^ (જમણી બાજુ)

એવા કેટલાં અક્ષરો છે, જેમાંના દરેકની તરત જ પહેલાં એક પ્રતીક આવે છે અને તરત જ પછી પણ એક પ્રતીક આવે છે?

A. ત્રણ

B. એક

C. બે ✓

D. એક પણ નહીં

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q59 Reasoning

આ પ્રશ્નમાં, નીચે આપેલા સંખ્યાઓ/પ્રતીકોને તેની નીચે આપેલા અક્ષર કૂટ (કોડ) નો ઉપયોગ કરીને, ત્યારબાદ નીચે આપેલી શરતો મુજબ કૂટબદ્ધ કરવામાં આવે છે. શરતોને અનુસરીને કરવામાં આવેલા કૂટ (કોડ)નું સાચું સંયોજન એ તમારો જવાબ રહેશે.
નોંધ: જો કોઈપણ શરત અનુસરવામાં આવતી ન હોય, તો સંબંધિત સંખ્યાઓ/પ્રતીકો માટેના કોડને કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે સીધા જ અનુસરવામાં આવવા જોઈએ.

સંખ્યા/ પ્રતીક	7	!	?	5	%	8	6	$	@	&	2	*	3	9
કૂટ (કોડ)	U	K	Q	N	A	T	D	Y	I	B	W	Z	H	C

શરતો –
(i) જો પહેલો ઘટક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો આ કિસ્સામાં બે ઘટકો (પ્રથમ અને છેલ્લા ઘટકો)નાં કોડને એકબીજા સાથે બદલવા પડશે.
(ii) જો પહેલો ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એ એક બેકી સંખ્યા હોય, તો પહેલા અને છેલ્લા ઘટકોને © તરીકે કૂટબદ્ધ કરવું પડશે.
(iii) બીજા અને ત્રીજા બંને ઘટકો જો પૂર્ણ વર્ગ સંખ્યા હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટક માટે જે કોડ છે તેનાથી કૂટબદ્ધ કરવું પડશે.
@ ! 7 5 6

A. UKUNI

B. DKUNU

C. DKUNI ✓

D. FKUNI

Q60 Reasoning

આ પ્રશ્નમાં, નીચે આપેલી સંખ્યાઓ/પ્રતીકોને તેની નીચે આપેલા અક્ષર કૂટ (કોડ) નો ઉપયોગ કરીને, ત્યારબાદ નીચે આપેલી શરતો મુજબ કૂટબદ્ધ કરવામાં આવે છે. શરતોને અનુસરીને કરવામાં આવેલા કૂટ (કોડ) નું સાચું સંયોજન એ તમારો જવાબ રહેશે.
નોંધ: જો કોઈપણ શરત અનુસરવામાં આવતી ન હોય, તો સંબંધિત સંખ્યાઓ/પ્રતીકો માટેના કોડને કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે સીધા જ અનુસરવામાં આવવા જોઈએ.

સંખ્યા/પ્રતીક	@	%	7	1	!	5	9	#	+	$
કોડ (કૂટ)	T	H	K	P	V	M	F	R	N	D

શરતો –
(i) જો પહેલો ઘટક એ પ્રતીક હોય અને છેલ્લો ઘટક એ એક સંખ્યા હોય, તો આ બે ઘટકો (પહેલા અને છેલ્લા ઘટકો) ના કોડને એકબીજા સાથે (પરસ્પર) બદલવા પડશે.
(ii) જો પહેલો ઘટક એ એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એ એક બેકી સંખ્યા હોય, તો પહેલા અને છેલ્લા ઘટકોને © તરીકે કૂટબદ્ધ કરવું પડશે.
(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણવર્ગ સંખ્યા હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટકના કોડનો ઉપયોગ કરીને કૂટબદ્ધ કરવાનું રહેશે.

@ 9 1 ! +

A. T P P V N

B. T F P V N

C. T F P N V

D. T F F V N ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q1 Reasoning

A, B, C, D, P, Q અને R એક વર્તુળાકાર મેજના કેન્દ્ર તરફ મુખ કરીને તેની ફરતે બેસે છે. P એ R ની તરત ડાબી બાજુએ બેસે છે. B એ P ની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. Q એ C ની જમણી બાજુએ બીજા સ્થાને બેસે છે. D એ Q ની તરત બાજુમાં બેસતો નથી. Q ના સંદર્ભમાં D નું સ્થાન કયું છે?

- A. જમણી બાજુએ ચોથું ✓
- B. ડાબી બાજુએ બીજું
- C. જમણી બાજુએ ત્રીજું
- D. ડાબી બાજુએ ચોથું

Q2 Reasoning

કયો વિકલ્પ એ સૌથી નજીકનું અંદાજિત મૂલ્ય (closest approximate value) દર્શાવે છે, જે નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન (?)નાં સ્થાને આવશે?

180.05 ÷ 8.95 - 11.99 + 30.01 = ?

- A. 50
- B. 38 ✓
- C. 25
- D. 65

Q3 Reasoning

આ પ્રશ્ન નીચેના શબ્દો પર આધારિત છે.

SOFT FROG PINK COLD

જો દરેક શબ્દમાં, દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ તેના તરત જ પછીના અક્ષરમાં બદલવામાં આવે, તો આ પ્રકારે બનેલા શબ્દોના કેટલા સમૂહમાં એક પણ સ્વર નહીં હોય?

- A. એક ✓
- B. ત્રણ
- C. શૂન્ય
- D. બે

Q4 Reasoning

નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. (ગણતરી ફક્ત ડાબેથી જમણે કરવાની છે.)

(ડાબી બાજુ) V C S K H W H A V H D U N A J H X F P B N A N F K M (જમણી બાજુ)

એવા કેટલાં વ્યંજનો છે, જે દરેકની તરત જ પહેલાં એક વ્યંજન આવે છે અને તરત જ પછી એક સ્વર આવે છે?

- A. એક
- B. ત્રણ ✓
- C. બે
- D. ચાર

Q5 Reasoning

4387169 સંખ્યાના દરેક અંકોને ડાબેથી જમણે ચડતા ક્રમમાં ગોઠવવામાં આવે, તો મૂળ સંખ્યાની તુલનામાં કેટલા અંકોનું સ્થાન યથાવત (અપરિવર્તિત) રહેશે?

- A. બે ✓
- B. ત્રણ
- C. એકપણ નહીં
- D. એક

Q6 Reasoning

જો GRUMBLE શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોના સ્થાન યથાવત (અપરિવર્તિત) રહેશે?

- A. એકપણ નહીં ✓
- B. ત્રણ
- C. બે
- D. એક

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q7 Reasoning

આ પ્રશ્ન નીચે મુજબ ત્રણ-અંકોની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 518 736 294 627 843 (જમણી બાજુ)
(ઉદાહરણ: 697 – પ્રથમ અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)

જો દરેક સંખ્યાના બીજા અંકમાં 3 ઉમેરવામાં આવે, તો કેટલી સંખ્યાઓમાં ત્રીજા અંકને નવા બીજા અંક વડે નિઃશેષ ભાગી શકાશે?

A. એક
B. બે ✓
C. ત્રણ
D. એક પણ નહીં

Q8 Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી I અને II થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પાંચ વિદ્યાર્થીઓ A, B, C, D અને E ની ઊંચાઈ અલગ-અલગ છે. તેઓમાં સૌથી ઊંચું કોણ છે?

વિધાન I: A એ C અને D કરતાં ઊંચો છે, પરંતુ E કરતાં નીચો છે.
વિધાન II: B એ C કરતાં નીચો છે.

A. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે. ✓
B. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
C. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
D. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q9 Reasoning

ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેઠેલા વિદ્યાર્થીઓની એક હરોળમાં, મનીષનું સ્થાન ડાબા છેડેથી 20મું અને રીતુનું સ્થાન જમણા છેડેથી 11મું છે. પરસ્પર સ્થાનની અદલાબદલી કર્યા પછી, મનીષનું નવું સ્થાન ડાબા છેડેથી 25મું થાય છે. તો તે હરોળમાં હાજર કુલ વિદ્યાર્થીઓની સંખ્યા શોધો.

A. 32
B. 34
C. 33
D. 35 ✓

Q10 Reasoning

છ બોક્સર રમેશ, જુહી, ફિરોઝ, બબિતા, સંજય અને વીણા પૈકી દરેકનું વજન અલગ-અલગ છે. જુહીનું વજન રમેશ કરતાં વધુ છે. ફિરોઝનું વજન જુહી કરતાં વધુ છે. બબિતાનું વજન રમેશ કરતાં ઓછું છે. સંજયનું વજન બબિતા કરતાં ઓછું છે. વીણાનું વજન ફિરોઝ કરતાં વધુ છે. તો કોનું વજન બરાબર 2 વ્યક્તિઓ કરતાં વધુ છે?

A. રમેશ ✓
B. ફિરોઝ
C. જુહી
D. વીણા

Q11 Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી I અને II થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પાંચ વ્યક્તિઓ H, I, J, K અને L પૈકી દરેક એક પાંચ માળની ઇમારતના અલગ-અલગ માળ પર રહે છે. સૌથી નીચેના માળનો ક્રમ 1 અને સૌથી ઉપરના માળનો ક્રમ 5 છે. ત્રીજા માળ પર કોણ રહે છે?
વિધાન I: H એ I ની ઉપર કોઈ એક બેકી સંખ્યા ધરાવતા માળ પર રહે છે.
વિધાન II: K એ L ની તરત જ ઉપર અને J ની તરત જ નીચે રહે છે અને J ચોથા માળ પર રહે છે.

A. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
B. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
C. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✓
D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Q12 Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલા ચાર અક્ષર-સમૂહોમાંથી ત્રણ ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?

(નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

A. RTX ✓
B. BDG
C. FHK
D. LNQ

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q13 Reasoning

એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,
A+ B નો અર્થ થાય છે કે, 'A એ Bનો ભાઈ છે'
A − B નો અર્થ થાય છે કે 'A એ Bની બહેન છે'
A × B નો અર્થ થાય છે કે 'A એ Bની પુત્રી છે'
A ÷ B નો અર્થ થાય છે કે 'A એ Bનો પતિ છે'

ઉપરોક્તના આધારે, જો 'P × Q ÷ R − S + T' હોય, તો P એ T સાથે કેવી રીતે સંબંધિત છે?

A. પિતાની બહેન (ફૂઇ)
B. ભાઈની પુત્રી (ભત્રીજી)
C. બહેનની પુત્રી (ભાણી) ✓
D. બહેન

Q14 Reasoning

UNAVIDLY શબ્દમાં દરેક અક્ષરને બદલીને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ પ્રમાણે તેની તરત જ પછી આવતા અક્ષરને મૂકવામાં આવે છે, અને ત્યારબાદ આ રીતે રચાયેલા તમામ અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ ગોઠવવામાં આવે છે. આ રીતે બનેલા અક્ષરોના જૂથમાં ડાબા છેડાથી ત્રીજો અક્ષર કયો હશે?

A. W
B. B
C. J ✓
D. E

Q15 Reasoning

નીચે આપેલા શબ્દોની ગોઠવણીને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.

1. વિદ્યાર્થી
2. વર્ગ (Class)
3. શાળા

A. 3,1,2
B. 2,3,1
C. 1,3,2
D. 3,2,1 ✓

Q16 Reasoning

નીચે આપેલી અક્ષર, સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ડાબી બાજુએથી જમણી બાજુ કરવાની રહેશે.

(ડાબી બાજુ) ? @ 9 N C $ S 2 B Z @ 4 6 / 6 V @ K = @ 5 V ? 7 (જમણી બાજુ)
એવા કેટલાં અક્ષરો છે કે જેમની તરત જ પહેલાં એક અંક આવે છે અને તરત જ પછી એક પ્રતીક પણ આવે છે?

A. એક
B. ત્રણ
C. બે ✓
D. એક પણ નહીં

Q17 Reasoning

નીચે આપેલા વિધાનો અને તારણોને કાળજીપૂર્વક વાંચો. ધારી લો કે વિધાનોમાં આપેલી માહિતી સાચી છે, ભલે તે સામાન્ય રીતે જાણીતા તથ્યોથી અલગ હોય, અને નક્કી કરો કે આપેલા તારણોમાંથી કયું તારણ/ કયા તારણો વિધાનોને તાર્કિક રીતે અનુસરે છે.

વિધાન: કેટલાક પાક, અનાજ છે. કેટલાક અનાજ, ખોરાક છે.

તારણ (I) : કેટલાક પાક, ખોરાક છે.
તારણ (II) : બધા ખોરાક, અનાજ છે.

A. (I) અને (II) બંને તારણો અનુસરે છે.
B. ફક્ત તારણ (I) અનુસરે છે.
C. ફક્ત તારણ (II) અનુસરે છે.
D. ન તો તારણ (I) કે ન તો તારણ (II) અનુસરે છે. ✓

Q18 Reasoning

નીચે આપેલી સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની રહેશે.

(ડાબી બાજુ) 3 % 5 @ 7 & 2 $ 6 * 4 # 9 £ ^ 8 (જમણી બાજુ)

એવા કેટલા પ્રતીકો છે જે દરેકની તરત જ પહેલાં એક પ્રતીક આવે છે અને તરત જ પછી એક સંખ્યા પણ આવે છે?

A. ચાર
B. ત્રણ
C. બે
D. એક ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q19 Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી I અને II થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પાંચ મિત્રો J, K, L, M અને N પૈકી દરેકે એક પરીક્ષામાં અલગ-અલગ ગુણ મેળવ્યા છે. કોણે સૌથી વધુ ગુણ મેળવ્યા છે?
વિધાન I: N એ M અને L કરતાં વધુ ગુણ મેળવ્યા છે, અને J એ N કરતાં વધુ ગુણ મેળવ્યા છે.
વિધાન II: K એ L કરતાં ઓછા ગુણ મેળવ્યા છે પરંતુ તેમણે કોઈનાથી વધારે ગુણ મેળવ્યા નથી.

A. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

B. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે. ✓

C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

D. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q20 Reasoning

નીચે આપેલી બે જોડી જે પેટર્નને અનુસરે છે, તે જ પેટર્નને અનુસરતી જોડી વિકલ્પોમાંથી પસંદ કરો. બંને જોડીઓ સમાન પેટર્નને અનુસરે છે.

EXF : DWE
HBO : GAN

A. MNL : RST

B. RTN : QSM ✓

C. PUV : XTE

D. SOP : OAZ

Q21 Reasoning

એક પ્રશ્ન પછી I અને II થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલ માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
પાંચ વ્યક્તિઓ U, V, W, X અને Y એક પાંચ માળની ઇમારતના જુદા-જુદા માળ પર રહે છે. ગ્રાઉન્ડ ફ્લોર (ground floor)નો ક્રમાંક 1 છે અને સૌથી ઉપરના માળ (top floor)નો ક્રમાંક 5 છે. પ્રથમ માળ પર કોણ રહે છે?

વિધાન I: U એ ત્રીજા માળ પર રહે છે, અને V પાંચમા માળ પર રહે છે.
વિધાન II: U એ ત્રીજા માળ પર રહે છે. X એ U ની તરત જ નીચેના માળ પર રહે છે, અને Y એ X ની તરત જ નીચેના માળ પર રહે છે.

A. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

B. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

D. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✓

Q22 Reasoning

આ પ્રશ્ન નીચે મુજબ ચાર-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 7493 4168 9572 2836 6314 (જમણી બાજુ)
(ઉદાહરણ: 6971 – પ્રથમ અંક = 6, બીજો અંક = 9, ત્રીજો અંક = 7 અને ચોથો અંક = 1)

જો સૌથી મોટી સંખ્યાના ત્રીજા અંકને સૌથી નાની સંખ્યાના બીજા અંક સાથે ઉમેરવામાં આવે, તો પરિણામ શું આવશે?

A. 14

B. 12

C. 15 ✓

D. 16

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q23 Reasoning

નીચે આપેલા વિકલ્પોમાંથી એવો વિકલ્પ પસંદ કરો કે જેમાં આપેલા નામ અને સરનામાની બધી વિગતો સાચી રીતે દર્શાવવામાં આવી હોય.
Mr. Jonathan P. Fitzpatrick, Apt. 22D, The Chrysler Residences, 405 Lexington Avenue, Midtown Manhattan, New York, NY – 10174

A. Mr. Jonathan P. Fitzpartick, Apt. 22D, The Chrysler Residences, 405 Lexington Avenue, Midtown Manhattan, New York, NY – 10174

B. Mr. Jonathan P. Fitzpatrick, Apt. 22D, The Chrysler Residences, 405 Lexinton Avenue, Midtown Manhattan, New York, NY – 10174

C. Mr. Jonathan P. Fitzpatrick, Apt. 22D, The Chrysler Residences, 405 Lexington Avenue, Midtown Manhattan, New York, NY – 10147

D. Mr. Jonathan P. Fitzpatrick, Apt. 22D, The Chrysler Residences, 405 Lexington Avenue, Midtown Manhattan, New York, NY – 10174 ✓

Q24 Reasoning

નીચે આપેલા શબ્દોની ગોઠવણી (arrangement) ને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો.
1. મૂળાક્ષર (Alphabet)
2. વાક્ય (Sentence)
3. શબ્દ (Word)

A. 3,2,1

B. 1,3,2 ✓

C. 1,2,3

D. 2,1,3

Q25 Reasoning

એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન: છ બોક્સ, P, Q, R, S, T અને U બધાનું વજન અલગ-અલગ છે. તો કયું બોક્સ સૌથી ભારે છે?

વિધાન I: S એ એક બોક્સ સિવાય અન્ય તમામ બોક્સ કરતાં ભારે છે.
વિધાન II: T એ S અને P કરતાં ભારે છે.

A. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

B. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે. ✓

D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q26 Reasoning

એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

5 લોકો - અશોક, દીપા, કાવ્યા, નીતિન અને રોહિત, દરેકનું વજન અલગ-અલગ છે, ત્રીજું સૌથી ભારે (third heaviest) કોણ છે?

(I) કાવ્યા એ અશોક કરતાં ભારે છે. અશોક એ દીપા કરતાં ભારે છે. રોહિત એ સૌથી ભારે છે.
(II) નીતિન એ કાવ્યા કરતાં હલકો છે. નીતિન એ અશોક કરતાં ભારે છે.

A. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે. ✓

B. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

C. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

D. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q27 Reasoning

એક ચોક્કસ કૂટ (કોડ) ભાષામાં, 'YARD' ને '4275' તરીકે અને 'DARK' ને '2437' તરીકે કૂટબદ્ધ કરવામાં આવ્યું છે. તે ભાષામાં 'K' માટેનો કૂટ (કોડ) શું છે?

A. 7

B. 2

C. 3 ✓

D. 4

Q28 Reasoning

એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન: એક ચોક્કસ કોડ ભાષામાં,'TIGER' માટેનો કોડ શું છે?

વિધાનો:
(I) 'TIGER LION ZEBRA' ને 'ka la ma' તરીકે કોડમાં લખવામાં આવે છે.
(II) 'PANDA LION EAGLE' ને 'la na pa' તરીકે કોડમાં લખવામાં આવે છે.

A. વિધાનો I અને II બંને એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા નથી. ✓

B. વિધાનો I અને II બંને એકસાથે (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહીં) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

C. વિધાન II માં આપેલી માહિતી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.

D. વિધાન I માં આપેલી માહિતી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.

Q29 Reasoning

તોસી બિંદુ A થી શરૂઆત કરે છે અને ઉત્તર દિશા તરફ 17 km ડ્રાઇવ કરે છે. તે પછી તે જમણી તરફ વળે છે અને 18 km ડ્રાઇવ કરે છે, ફરીથી જમણી તરફ વળીને 23 km ડ્રાઇવ કરે છે. ત્યારબાદ તે જમણી તરફ વળે છે અને 22 km ડ્રાઇવ કરે છે. તે છેલ્લી વાર જમણી તરફ વળે છે, 6 km ડ્રાઇવ કરે છે અને બિંદુ P પર અટકે છે. ફરીથી બિંદુ A પર પહોંચવા માટે તેણે કેટલું (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં ડ્રાઇવ કરવું જોઈએ? (જ્યાં સુધી સ્પષ્ટ ન કરવામાં આવે ત્યાં સુધી તમામ વળાંકો માત્ર 90° ના જ છે.)

A. 4 km પૂર્વ તરફ ✓

B. 5 km પશ્ચિમ તરફ

C. 8 km દક્ષિણ તરફ

D. 6 km ઉત્તર તરફ

Q30 Reasoning

વિકલ્પોમાંથી કયું અક્ષર-સંખ્યા સમૂહ નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે પ્રશ્નચિહ્ન (?)ના સ્થાને આવશે?

HTN 1, MWR 4, RZV 9, WCZ 16, ?

A. BGD 25

B. BFE 26

C. CFD 25

D. BFD 25 ✓

Q31 Reasoning

એક સચોટ ઘડિયાળ 9:32 am નો સમય બતાવે છે. તે જ દિવસે જ્યારે ઘડિયાળ 3:48 pm નો સમય બતાવે છે ત્યારે કલાક કાંટો કેટલા ડિગ્રી ફરશે?

A. 182°

B. 188° ✓

C. 170°

D. 176°

Q32 Reasoning

84 એ અમુક ચોક્કસ તર્કને અનુસરીને 21 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, 92 એ 23 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને 104 એ આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સાથે સંબંધિત છે?

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજીત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ (Operations) કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ, જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં જુદી પાડીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

A. 26 ✓

B. 24

C. 23

D. 21

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q33 Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી?

(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

A. GH-MN
B. QT-WZ
C. OK-UQ
D. DE-IA ✓

Q34 Reasoning

સાત બોક્સ D, E, H, L, O, Q અને Z ને એકબીજાની ઉપર રાખવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આ જ ક્રમમાં હોય. E ની નીચે ફક્ત ત્રણ બોક્સ મૂકવામાં આવ્યા છે. O અને H ની વચ્ચે ફક્ત એક બોક્સ મૂકવામાં આવ્યું છે. H અને Q ની વચ્ચે ફક્ત બે બોક્સ મૂકવામાં આવ્યા છે. E ને Q ની ઉપરના કોઈ એક સ્થાને મૂકવામાં આવ્યું છે. Q ને D ની તરત જ નીચે મૂકવામાં આવ્યું છે. Z ને L ની ઉપરના કોઈ એક સ્થાને મૂકવામાં આવ્યું છે. Z અને L ની વચ્ચે કેટલા બોક્સ મૂકવામાં આવ્યા છે?

A. બે
B. ચાર ✓
C. એક
D. ત્રણ

Q35 Reasoning

જો 30 જાન્યુઆરી 2005 ના રોજ રવિવાર હતો, તો 30 જાન્યુઆરી 2016 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

A. રવિવાર
B. શનિવાર ✓
C. શુક્રવાર
D. ગુરુવાર

Q36 Reasoning

પાંચ મિત્રો B, F, K, N અને T પૈકી દરેકની ઊંચાઈ અલગ-અલગ છે. K એ N કરતાં ઊંચો છે. F એ K કરતાં ઊંચો છે. T એ F કરતાં ઊંચો છે. B એ N કરતાં નીચો (shorter) છે. આ જૂથમાં _____ એ બીજો સૌથી ઊંચો વ્યક્તિ (second tallest person) છે.

A. K
B. F ✓
C. N
D. T

Q37 Reasoning

ઉત્તર તરફ મુખ રાખીને બેઠેલા 68 વિદ્યાર્થીઓની એક હરોળમાં, હેમંત ડાબા છેડેથી 24મા ક્રમે છે અને દિશા જમણા છેડેથી 15મા ક્રમે છે.
નીચેની ખાલી જગ્યા પૂરો:
હેમંત અને દિશા વચ્ચે ફક્ત _____ વિદ્યાર્થીઓ બેઠાં છે.

A. 31
B. 28
C. 29 ✓
D. 30

Q38 Reasoning

પાંચ મિત્રો, દિનેશ, હેમા, કાવ્યા, નિશા અને રાજન, એક પરીક્ષામાં અલગ અલગ ગુણ મેળવે છે. કાવ્યાએ દિનેશ કરતા વધુ ગુણ મેળવ્યા. હેમાએ કાવ્યા કરતા વધુ ગુણ મેળવ્યા. નિશાને દિનેશ કરતા ઓછા ગુણ મેળવ્યા. રાજને હેમા કરતા વધુ ગુણ મેળવ્યા. નીચે આપેલી ખાલી જગ્યા ભરો.

_____ એ પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવ્યા.

A. રાજન ✓
B. કાવ્યા
C. દિનેશ
D. હેમા

Q39 Reasoning

A, B, C, Q, S અને T એક જ ઈમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને આ જ ક્રમ અનુસરતા ઉપરના માળોને ક્રમાંક આપેલા છે, આ અનુક્રમમાં સૌથી ઉપરના માળનો ક્રમાંક 6 છે.
A અને S ની વચ્ચે માત્ર ત્રણ જ વ્યક્તિઓ રહે છે, જ્યાં A એ S ની નીચેના માળ પર રહે છે. B એ એક એકી સંખ્યા ધરાવતા માળ પર અને A ની તરત જ ઉપરના માળ પર રહે છે. Q એ C ની નીચેના કોઈ એક માળ પર અને T ની ઉપરના કોઈ એક માળ પર રહે છે.
તો 5 ક્રમાંકના માળ પર કોણ રહે છે?

A. C ✓
B. S
C. Q
D. A

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q40 Reasoning

મિસ્ટર બેઇક પોઇન્ટ A થી શરૂ કરે છે અને દક્ષિણ તરફ 14 km ડ્રાઇવ કરે છે. તે પછી જમણો વળાંક લે છે, 25 km ડ્રાઇવ કરે છે, ફરી જમણી તરફ વળે છે અને 26 km ડ્રાઇવ કરે છે. તે ફરીથી જમણો વળાંક લે છે અને 33 km ડ્રાઇવ કરે છે. તે અંતિમ જમણો વળાંક લે છે, 12 km ડ્રાઇવ કરે છે અને પોઇન્ટ P પર રોકાય છે. પોઇન્ટ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલા અંતર (સૌથી ઓછું અંતર) સુધી અને કઈ દિશામાં વાહન ડ્રાઇવ કરવું જોઈએ? (તમામ વળાંક માત્ર 90-ડિગ્રી વળાંક છે સિવાય કે ઉલ્લેખિત હોય.)

- A. 8 km પશ્ચિમ તરફ ✓
- B. 11 km પૂર્વ તરફ
- C. 8 km પૂર્વ તરફ
- D. 11 km પશ્ચિમ તરફ

Q41 Reasoning

LOUTISH શબ્દના દરેક અક્ષરને મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ રીતે બનેલા અક્ષરોના નવા સમૂહમાં ડાબી બાજુથી ચોથા અને જમણી બાજુથી બીજા સ્થાને રહેલા અક્ષરો વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો છે?

- A. ત્રણ
- B. બે
- C. પાંચ
- D. ચાર ✓

Q42 Reasoning

નીચે આપેલી શ્રેણીમાં '?' નાં સ્થાને શું આવવું જોઈએ?

30 37 44 51 58 ?

- A. 65 ✓
- B. 68
- C. 64
- D. 66

Q43 Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે PEOY એ અમુક ચોક્કસ રીતે SHRB સાથે સંબંધિત છે. તે જ રીતે, ZVHD એ CYKG સાથે સંબંધિત છે. તે સમાન તર્કને અનુસરીને, આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પ સાથે QTSW સંબંધિત છે?

- A. TRWU
- B. TWVZ ✓
- C. QVXT
- D. PUWV

Q44 Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે આપેલ શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?)ના સ્થાને શું આવવું જોઈએ?

GTC JWF MZI PCL SFO ?

- A. WIR
- B. VIS
- C. VHR
- D. VIR ✓

Q45 Reasoning

નીચેના શબ્દોની ગોઠવણીને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો

1. પર્ણ (leaf)
2. વૃક્ષ
3. જંગલ

- A. 3,1,2
- B. 2,3,1
- C. 1,2,3 ✓
- D. 1,3,2

Q46 Reasoning

જો + નો અર્થ -, - નો અર્થ ×, × નો અર્થ ÷, ÷ નો અર્થ + થાય, તો નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?)નાં સ્થાને શું આવશે?

7 - 2 + 14 ÷ 18 x 3 = ?

- A. 2
- B. 6 ✓
- C. 4
- D. 10

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q47 Reasoning

નીચે સંખ્યાઓના બે ગણ આપવામાં આવ્યા છે. સંખ્યાના દરેક ગણમાં, પ્રથમ સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયાના પરિણામે બીજી સંખ્યા મળે છે, એ જ પ્રમાણે, બીજી સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયાના પરિણામે ત્રીજી સંખ્યા મળે છે અને આમ આ ક્રિયા ચાલે છે. આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ નીચે આપેલા ગણો દ્વારા અનુસરવામાં આવતી ક્રિયાઓનું અનુસરણ કરે છે?

(નોંધ – બે/ ત્રણ અંકોની સંખ્યાને ક્રિયાઓ માટે વ્યક્તિગત અંકોમાં છૂટી પાડી શકાતી નથી. દા. ત. જો 37 પછી 10 આવે, તો ક્રિયા 3 + 7 ન હોઈ શકે કારણ કે બે અંકોની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં છૂટી પાડવાની નથી.)

7 – 13 – 26 – 36 ; 4 – 10 – 20 – 30

A. 6 – 12 – 24 – 32

B. 10 – 16 – 32 – 42 ✓

C. 15 – 20 – 40 – 50

D. 12 – 16 – 32 – 40

Q48 Reasoning

જો GRISTLE શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોની સ્થિતિ યથાવત (અપરિવર્તિત) રહેશે?

A. બે

B. એકપણ નહીં

C. એક ✓

D. ત્રણ

Q49 Reasoning

એક પરિવારમાં 8 વ્યક્તિઓ છે - A, D, G, K, N, R, V અને Z. A એ Dનો પતિ છે. G એ Dનો પુત્ર છે. K એ Gની પત્ની છે. N એ Gની પુત્રી છે. R એ Gનો ભાઈ છે. V એ Kનો પુત્ર છે. Z એ Nની બહેન છે. D એ K ના/ની _____ છે.

A. પત્નીની માતા

B. પિતાની માતા (દાદી)

C. માતાની માતા (નાની)

D. પતિની માતા ✓

Q50 Reasoning

સાત વ્યક્તિઓ - D, G, N, S, X, Y અને Z પૈકી દરેક ઉત્તર દિશા તરફ મુખ રાખીને એક હરોળમાં બેઠા છે. Z ની જમણી બાજુએ માત્ર બે જ વ્યક્તિઓ બેઠી છે. Z અને D ની વચ્ચે માત્ર બે જ વ્યક્તિઓ બેઠી છે. X અને N ની વચ્ચે માત્ર બે જ વ્યક્તિઓ બેઠી છે. N એ Z ની તરત જ ડાબી બાજુએ બેઠો છે. G એ S ની તરત જ જમણી બાજુએ બેઠો છે. તો હરોળના ડાબા છેડેથી ત્રીજા સ્થાને કોણ બેઠું છે?

A. N

B. G

C. Y ✓

D. D

Q51 Reasoning

નીચે આપેલી અક્ષર, સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ડાબી બાજુએથી જમણી બાજુ કરવાની રહેશે.

(ડાબી બાજુ) 6 H \ Y Q 5 E F 9 U K 5 * S E R B E H W W = % 4 (જમણી બાજુ)
એવી કેટલી સંખ્યાઓ છે કે જે દરેકની તરત જ પહેલાં એક પ્રતીક આવે છે અને તરત જ પછી એક અક્ષર પણ આવે છે?

A. ત્રણ

B. બે

C. એક પણ નહીં ✓

D. એક

Q52 Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ નક્કી કરો.

પ્રશ્ન: એક ચોક્કસ કોડ ભાષામાં, 'MANGO' નો કોડ શું છે?

(I) 'MANGO PEACH GUAVA' ને 'Ja ka la' તરીકે કોડમાં લખવામાં આવે છે.
(II) 'CHERRY PEACH BANANA' ને 'ka ma na' તરીકે કોડમાં લખવામાં આવે છે.

A. વિધાનો (I) અને (II) માં આપેલી માહિતી એકસાથે (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહિ) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

B. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

C. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

D. વિધાનો (I) અને (II) માં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q53 Reasoning

જો 9 ઓક્ટોબર 2019 એ બુધવાર હોય, તો 24 જાન્યુઆરી 2005 ના રોજ અઠવાડિયાનો કયો દિવસ હશે?

- **A.** સોમવાર ✓
- **B.** બુધવાર
- **C.** મંગળવાર
- **D.** રવિવાર

Q54 Reasoning

નીચે આપેલી અક્ષર, સંખ્યા અને પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે. તમામ સંખ્યાઓ એક-અંકીય સંખ્યાઓ છે.

(ડાબી બાજુ) R & % € $ 7 S & 6 3 L 9 Y 1 € U 7 # 2 $ 7 E (જમણી બાજુ)

જો શ્રેણીમાંથી તમામ સંખ્યાઓને કાઢી નાંખવામાં આવે, નીચેનામાંથી કયું ડાબી બાજુથી છઠ્ઠું હશે?

- **A.** $
- **B.** S ✓
- **C.** %
- **D.** €

Q55 Reasoning

નીચેના શબ્દોની તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવણી દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો.
1. પેકિંગ કરવું
2. ચુકવણી કરવી
3. રવાના કરવું
4. વસ્તુ પહોંચાડવી
5. વસ્તુ પસંદ કરવી

- **A.** 5, 3, 2, 1, 4
- **B.** 5, 2, 1, 3, 4 ✓
- **C.** 3, 2, 1, 5, 4
- **D.** 1, 4, 2, 3, 5

Q56 Reasoning

એક પરિવારમાં 8 વ્યક્તિઓ છે: C, D, L, M, P, Q, V, અને Y. C એ Dનો પતિ છે. L એ Cની પુત્રી છે. M એ Lનો પતિ છે. P એ Lનો પુત્ર છે. Q એ Mની પુત્રી છે. V એ Lની બહેન છે. Y એ Pનો ભાઈ છે. આપેલી ખાલી જગ્યા પૂરો: V એ Qની _____ થાય.

- **A.** માતાના માતા (નાની)
- **B.** પિતાની બહેન (ફૂઇ)
- **C.** માતાની બહેન (માસી) ✓
- **D.** માતા

Q57 Reasoning

જો '+' અને '-' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન (?)નાં સ્થાને શું આવશે?

81 x 9 + 7 ÷ 2 - 10 = ?

- **A.** 11
- **B.** 18
- **C.** 5 ✓
- **D.** 13

Q58 Reasoning

S, T, U, V, W, X અને Y પૈકી દરેક જણ અઠવાડિયાના અલગ અલગ દિવસે રમત રમે છે, જે સોમવારથી શરૂ કરીને તે જ અઠવાડિયાના રવિવારે સમાપ્ત થાય છે.
S ગુરુવારે રમત રમે છે. S અને Xની વચ્ચે માત્ર એક જ વ્યક્તિ રમત રમે છે. U એ Xની તરત જ પહેલાં રમત રમે છે પરંતુ સોમવારે રમતો નથી. U અને Wની વચ્ચે માત્ર બે જ વ્યક્તિઓ રમત રમે છે. Y એ Vની પહેલાંના કોઈ એક દિવસે રમત રમે છે પરંતુ T પછીના કોઈ એક દિવસે રમે છે.તો U કયા દિવસે રમત રમે છે?

- **A.** શુક્રવાર ✓
- **B.** મંગળવાર
- **C.** બુધવાર
- **D.** રવિવાર

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q59 Reasoning

નીચે આપેલા સંખ્યાઓ/પ્રતીકોને તેની નીચે આપેલા અક્ષર કોડનો ઉપયોગ કરીને, ત્યારબાદ નીચે આપેલી શરતો મુજબ કોડ કરવામાં આવે છે. શરતોને અનુસરીને કરવામાં આવેલા કોડનું સાચું સંયોજન તમારો જવાબ રહેશે. જો કોઈપણ શરત અનુસરવામાં આવતી ન હોય, તો સંબંધિત સંખ્યા/પ્રતીક માટેના કોડસને કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે સીધા જ અનુસરવાના છે.

સંખ્યા/પ્રતીક	2	8	$	%	1	!	5	@	+	6
કોડ	F	T	M	K	P	H	V	R	D	Q

શરતો –
(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક છે અને છેલ્લો ઘટક એક સંખ્યા છે, તો પ્રથમ અને છેલ્લા ઘટકોના કોડ્સની પરસ્પર અદલાબદલી કરો.
(ii) જો પ્રથમ ઘટક એકી અંક હોય અને છેલ્લો ઘટક બેકી અંક હોય, તો પ્રથમ અને છેલ્લા બંને ઘટકોને કોડમાં © તરીકે લખો.
(iii) બીજા અને ત્રીજા બંને ઘટકો જો પૂર્ણ વર્ગ સંખ્યા હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટક માટેનો જે કોડ છે તે કોડ આપો

+ 5 @ % 6

A. D V K R Q

B. D V R K Q

C. Q B K R D

D. Q V R K D ✓

Q60 Reasoning

આ પ્રશ્નમાં, નીચે આપેલા સંખ્યાઓ/પ્રતીકોને તેની નીચે આપેલા અક્ષર કૂટ (કોડ) નો ઉપયોગ કરીને, ત્યારબાદ નીચે આપેલી શરતો મુજબ કૂટબદ્ધ કરવામાં આવે છે. શરતોને અનુસરીને કરવામાં આવેલા કૂટ (કોડ) નું સાચું સંયોજન એ તમારો જવાબ રહેશે. જો કોઈપણ શરત અનુસરવામાં આવતી ન હોય, તો સંબંધિત સંખ્યાઓ/પ્રતીકો માટેના કોડને કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે સીધા જ અનુસરવામાં આવવા જોઈએ.

સંખ્યા/ પ્રતીક	?	6	2	8	&	!	+	@	#	7	3	1	%	4
કૂટ (કોડ)	H	X	I	B	K	J	M	D	F	Y	A	P	G	S

શરતો –
(i) જો પહેલો ઘટક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો આ કિસ્સામાં બે ઘટકો (પ્રથમ અને છેલ્લા ઘટકો)નાં કોડને એકબીજા સાથે બદલવા પડશે.
(ii) જો પહેલો ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એ એક બેકી સંખ્યા હોય, તો પહેલા અને છેલ્લા ઘટકોને © તરીકે કૂટબદ્ધ કરવું પડશે.
(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણ વર્ગ સંખ્યા હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટક માટે જે કોડ છે તેનાથી કૂટબદ્ધ કરવું પડશે.
6 + # 8 7

A. XMFBH

B. XUFBY

C. XMFBY ✓

D. IMFBY

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q1 Reasoning

DUMPSTER શબ્દના દરેક અક્ષરને બદલીને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત જ પછી આવતા અક્ષરને મૂકવામાં આવે છે અને પછી આ રીતે બનેલા બધા અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ રીતે બનેલા અક્ષરોના સમૂહમાં કેટલા અક્ષરોની સ્થિતિ બદલાશે નહીં?

A. ચાર
B. બે
C. એક
D. ત્રણ ✓

Q2 Reasoning

આ પ્રશ્ન નીચેના શબ્દો પર આધારિત છે

NOTE SHIP BOOK FAST

જો આપેલા દરેક શબ્દમાં, દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ તેના પછીના તરતના અક્ષરમાં બદલવામાં આવે, તો આ રીતે બનેલા અક્ષર સમૂહોમાંથી કેટલા અક્ષર સમૂહોમાં એક પણ સ્વર નહીં હોય?

A. એક ✓
B. બે
C. એક પણ નહીં
D. ત્રણ

Q3 Reasoning

આ પ્રશ્ન નીચે આપેલી પાંચ સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 5731 195 4070 497 3927 (જમણી બાજુ)

નોંધ- તમામ ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની રહેશે.

જો દરેક સંખ્યાના પ્રથમ અંકમાં 1 ઉમેરવામાં આવે, તો કેટલી સંખ્યાઓમાં પ્રથમ અંક એ બીજા અંક વડે નિઃશેષ વિભાજ્ય બનશે?

A. ત્રણ
B. બે
C. એકપણ નહીં ✓
D. એક

Q4 Reasoning

ઉત્તર તરફ મુખ કરીને બેઠેલા 48 વ્યક્તિઓની એક હરોળમાં, દીપક ડાબા છેડેથી 13મા સ્થાને છે. જો નેહા, દીપકની જમણી બાજુએ છઠ્ઠા સ્થાને બેઠી હોય, તો નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.
નેહા હરોળમાં જમણા છેડેથી કેટલામાં સ્થાને બેઠી છે?

A. 29મા
B. 31મા
C. 32મા
D. 30મા ✓

Q5 Reasoning

ઉત્તર તરફ મુખ કરીને ઉભેલા વિદ્યાર્થીઓની એક હરોળમાં, સૌરભનું સ્થાન ડાબા છેડેથી 15મું અને નિષ્ઠાનું સ્થાન જમણા છેડેથી 12મું છે. બંનેનું સ્થાન પરસ્પર બદલ્યા પછી સૌરભનું નવું સ્થાન ડાબા છેડેથી 17મું છે. તો જમણા છેડેથી નિષ્ઠાનું નવું સ્થાન કયું હશે તે શોધો.

A. 13મું
B. 15મું
C. 12મું
D. 14મું ✓

Q6 Reasoning

એક ચોક્કસ તાર્કિક સંબંધના આધારે, PI 16 એ NG 14 સાથે સંબંધિત છે. તે જ રીતે, OW 19 એ MU 17 સાથે સંબંધિત છે. તો આ સમાન તર્કને અનુસરીને, LA 19 એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

A. KA 17
B. JY 17 ✓
C. LB 18
D. MC 16

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

Q7 Reasoning

સાત બોક્સ, K, L, M, N, T, U અને Z, એકબીજા ઉપર રાખવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આ જ ક્રમમાં હોય. L અને Nની વચ્ચે માત્ર બે જ બોક્સ રાખવામાં આવ્યા છે. Kની ઉપર માત્ર Uને રાખવામાં આવ્યું છે. Nની નીચે કોઈ બોક્સ રાખવામાં આવ્યું નથી. Zને Tની નીચેના કોઈક સ્થાને પરંતુ Mની ઉપરના કોઈક સ્થાને રાખવામાં આવ્યું છે. Mની ઉપર ત્રીજા સ્થાને કયું બોક્સ રાખવામાં આવ્યું છે?

A. N

B. T ✓

C. K

D. L

Q8 Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન: D એ E સાથે કેવી રીતે સંબંધિત છે?
વિધાન I: D એ F ની એક માત્ર પુત્રી છે.
વિધાન II: F એ E ની પત્ની છે.

A. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે. ✓

B. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

D. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q9 Reasoning

નીચેના શબ્દોને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.

1. ઇજિપ્ત
2. પિરામિડો
3. આફ્રિકા

A. 2, 1, 3 ✓

B. 1, 2, 3

C. 2, 3, 1

D. 1, 3, 2

Q10 Reasoning

નીચે આપેલી સંખ્યા અને પ્રતીક શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે. બધી સંખ્યાઓ ફક્ત એક-અંકની સંખ્યાઓ છે.
(ડાબી બાજુ) 5 & % 6 3 @ 8 $ 7 & 4 Ω 9 # 1 * £ 2 (જમણી બાજુ)
એવી કેટલી સંખ્યાઓ છે જે દરેકની તરત જ પહેલા એક પ્રતીક આવે છે અને તરત જ પછી એક પ્રતીક આવે છે?

A. બે

B. એકપણ નહીં

C. એક

D. બે કરતાં વધુ ✓

Q11 Reasoning

